**Media Coverage-Gujarat**

વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિતે એશીયાટીક કોલેજ ગોંડલ ખાતે તમાકુ મુક્ત ભારત માટે રાજ્યકક્ષાનો સેમિનાર

https://youtu.be/c0pHAYkW2SA

જુઓ સમાચાર

*જનતા કી જાનકારી ન્યુઝ ચેનલ*

વિશ્વ તમાકુ નિષેધ દિ....

વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિતે એશીયાટીક કોલેજ ગોંડલ ખાતે તમાકુ મુક્ત ભારત માટે રાજ્યકક્ષાનો સેમિનાર

https://www.akilanews.com/Saurashtra_news/Detail/31-05-2022/189298

: *વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિતે ગોંડલમાં રાજ્યકક્ષાનો સેમિનાર*

https://www.abtakmedia.com/state-level-seminar-in-gondal-on-the-occasion-of-world-no-tobacco-day/

જનતા કી જાનકારી
PRESS
તા.૩૧-૦

# ૩૧મીએ એશીયાટીક કોલેજ ગોંડલ ખાતે તમાકુ મુક્ત ભારત માટે રાજ્યકક્ષાનો સેમિનાર

( વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિતે કાર્યક્રમમાં જોડાવવા વિવિધ સંસ્થાઓને આમંત્રણ )





જનતા કી જાનકારી
રીપોર્ટર ભુપતભાઈ પૂર્ણવૈરાગી
જસદણ :

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને તમાકુ મુક્ત બનાવવા સ્વપનોને સાકાર કરવા દેશભરમાં લોકજાગૃતિ માટે સેમિનારનું આયોજન કરવા અપીલ કરેલ છે. જેના અનુસંધાનમાં આગામી તા.૩૧ ના રોજ સવારના ૯ કલાકે એશીયાટીક એન્જિનિયરિંગ કોલેજ જામવાડી નેશનલ હાઈ-વે ગોંડલ મુકામે જીવન બચાવવા માટે તમાકુ નિયંત્રણ કાયદાઓને મજબૂત વિષયે રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે.

આ સેમિનારમાં રમેશભાઈ ધડુક (સાંસદ સભ્ય), ગીતાબા જાડેજા (ધારાસભ્ય), એન.એમ.ધારાણી (ન્યાયમુર્તિ), કુ.એકતાબેન પુરોહિત (મેનેજર પ્રોજેક્ટ્સ,કન્ઝ્યુમર વોઇસ, ન્યુ દિલ્હી), ભાવનાબેન રૈયાણી (પ્રમુખ,ગોંડલ નગરપાલિકા), અલ્પેશભાઈ ઢોલરિયા (પ્રમુખ માર્કેટિંગ યાર્ડ), એ.ડી.જોષી (પ્રાંત અધિકારી), કે.પી.નકુમ (મામલતદાર), અશોકભાઈ પીપળીયા (ચેરમેન નાગરીક બેંક), ડો.ઘનશ્યામભાઈ વ્યાસ (ભુવનેશ્વરી પીઠ), શ્રી ગોપાળભાઈ ભુવા (ચેરમેન શ્રી એશીયાટીક કોલેજ), જીતુભાઈ આચાર્ય (પ્રમુખ, પત્રકાર સંઘ), વી.કે.ગુપ્તા (ડાયરેક્ટર, કેન્સર હોસ્પિટલ) વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપનાર છે.

તત્કાલિન સમયમાં યુવાવસ્થા થી જ તમાકુનુ વ્યસન કરનાર યુવાનો સરવાળે કેન્સર જેવા રોગની ગર્તામાં ધકેલાય જાય છે. અને તેના પરીવારનો માળો વિખાય જાય છે. વધુમાં આવા વ્યસન ખર્ચાળ હોઈ જેવી આર્થિક સ્થીતી પણ તમાકુના વ્યસનને કારણે ડામાડોળ થઈ જતી હોય છે. કુટુંબ-પરિવાર અને સરવાળે સમાજની પ્રગતિ રૂંધાતી હોય છે. તમાકુના વ્યસનથી દેશના યુવાધન અને સમાજના તમામ વર્ગને બચાવી શકાય તેવો આ કાર્યક્રમનો ઉદેશ છે. આ કાર્યક્રમનું ઈલેક્ટ્રોનિક મીડિયા ઉપર લાઈવ પ્રસારણ થનાર છે. આ કાર્યક્રમમાં જોડાવા માંગતી સંસ્થાઓ આવકાર્ય છે. આ સેમિનારની વ્યવસ્થા રમાબેન માવાણી (માજી સાંસદ સભ્ય) તથા દીપાલીબેન વિરડીયા (ડિરેક્ટર શ્રી એશીયાટીક એન્જિનિયરિંગ કોલેજ,ગોંડલ) એ સંભાળેલ છે.

GUJARAT MIRROR-RAJKOT
RNI Regn. No. GUJGUJ/2017/73743
પરિવર્તનનું પ્રતિબિંબ
ગુજરાત મિરર
YEAR: 05 ISSUE: 279
Dt.27-5-2022 | FRIDAY
Page: 16 | Price: ₹ 4
SUDARSHAN ગ્રુપનું સાંધ્ય દૈનિક
gujaratmirrordaily@gmail.com, www.gujaratmirror.in

# ૩૧મીએ ગોંડલમાં તમાકુ મુક્ત ભારત માટે રાજ્યકક્ષાનો સેમિનાર

## વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે કાર્યક્રમમાં જોડાવવા સંસ્થાઓને આમંત્રણ

ગુજરાત મિરર, રાજકોટ તા.૨૭

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને તમાકુ મુક્ત બનાવવા સ્વપનને સાકાર કરવા દેશભરમાં લોકજાગૃતિ માટે સેમીનારનું આયોજન કરવા અપિલ કરેલ છે. જેના અનુસંધાનમાં આગામી તા.૩૧ના રોજ સવારના ૯ કલાકે એશીયાટીક એન્જિનિયરીંગ કોલેજ જામવાડી નેશનલ હાઈ-વે ગોંડલ મુકામે જીવન બચાવવા માટે તમાકુ નિયંત્રણ કાયદાઓને મજબૂત વિષયે રાજ્યકક્ષાના સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે.

આ સેમીનારમાં રમેશભાઈ ધડુક (સાંસદ સભ્ય), ગીતાબા જાડેજા (ધારાસભ્ય), એન.એમ.ધારાણી (ન્યાયમૂર્તિ), કુ.એકતાબેન પુરોહિત (મેનેજર પ્રોજેકટસ, કન્ઝ્યુમર વોઈસ, ન્યુ દિલ્હી), ભાવનાબેન રૈયાણી (પ્રમુખ, ગોંડલ નગરપાલિકા), અલ્પેશભાઈ ઢોલરીયા (પ્રમુખ માર્કેટીંગ યાર્ડ), એ.ડી.જોષી (પ્રાંત અધિકારી), કે.પી.નકુમ (મામલતદાર), અશોકભાઈ પીપળીયા (ચેરમેન નાગરીક બેંક), ડો.ઘનશ્યામભાઈ વૈદ (ભુવનેશ્વરી પીઠ), જીતુભાઈ આચાર્ય (પ્રમુખ, પત્રકાર સંઘ), વી.કે.ગુપ્તા (ડાયરેકટર, કેન્સર હોસ્પિટલ) વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપનાર છે.

આ કાર્યક્રમનું ઈલેક્ટ્રોનિક મિડિયા ઉપર લાઈવ પ્રસારણ થનાર છે. આ કાર્યક્રમમાં જોડાવા માંગતી સંસ્થાઓ આવકાર્ય છે. આ સેમીનારની વ્યવસ્થા રમાબેન માવાણી (માજી સંસદ સભ્ય) તથા ગોપાલભાઈ સુવા (ચેરમેન એશીયાટીક એન્જિનિયરીંગ કોલેજ, ગોંડલ)એ સંભાળેલ છે. વધુ માહિતી તથા જોડાવવા માટે મો.નં.૯૯૨૫૦ ૭૯૧૪૬ પર સંપર્ક કરવા અનુરોધ છે.

અબતક

## 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ' વિષયે ચર્ચા

# જીંદગી બચાવવા તમાકુ નિયંત્રણ કાયદાઓનો સખ્ત અમલ જરૂરી: માવાણી દંપતી

### લોકો જાગૃત્તિ માટે ગોંડલ મુકામે યોજાયો કાર્યક્રમ

અબતક, રાજકોટ

સમગ્ર વિશ્વમાં ૩૧મેના રોજ એકી સાથે વિશ્વ તમાકું નિષેધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારતને તમાકુ મુક્ત કરવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈના મિશનને સફળ બનાવવા રમાબેન માવાણીની સંસ્થા દ્વારા લોક જાગૃત્તિ માટે ગોંડલ મુકામે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. તમાકું ઉત્પાદનો વપરાશથી વિશ્વમાં કેન્સરના દર્દીઓ વધ્યા છે. સારવારની પુરતી સુવિધાઓ ઉપલબ્ધ નથી. જેથી કેન્સરના દર્દીઓનું મૃત્યુંદર વધ્યો છે.



ભારતમાં કોરોનાથી દર્દીઓના મૃત્યુથી કેન્સરના દર્દીથી નાગરિકો વધુ મૃત્યુ પામ્યા છે. ગુજરાતમાં યુવાન, યુવાનો અને યુવતીઓમાં તમાકું ઉત્પાદનોનો ઉપયોગ વધ્યો છે. જેનાથી યુવા મૃત્યુદર વધ્યો છે. ભારતમાં તમાકુ ઉત્પાદનો, વેંચાણ ઉપર સખ્ત પ્રતિબંધ મુકવો જોઈએ તેની માંગણી બુલંદ કરવાની અપીલ શ્રીમતિ રમાબેન માવાણીએ કરેલ છે. ગુજરાતના માજી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગોંડલના કાર્યક્રમને શુભેચ્છા પાઠવી છે. ગુજરાત રાજ્યમાં તમાકુ વિક્રેતા લાયસન્સ પ્રથા દાખલ કરવાની બાકી છે. જે અમલમાં મુકવા શ્રીમતિ રમાબેન માવાણીએ ગુજરાતના મુખ્યમંત્રી તથા આરોગ્ય મંત્રી પાસે માંગણી કરેલ છે.

ભારતમાં કેન્સરના દર્દીઓની સારવાર પાછળ કેન્દ્ર/રાજ્ય સરકારો બજેટમાં મોટા નાણાકીય રકમ ફાળવે છે. તમાકુ ઉત્પાદનો વેંચાણ બંધ થાય તો આ નાણા અન્ય વિકાસ કામોમાં વપરાશે ઓર દેશના આર્થિક હિતમાં તમાકુ ઉત્પાદનો વેંચાણ બંધ થવું જોઈએ. વિશ્વ તમાકુ મુક્ત બનવા માંગે છે. ભારત તમાકુ મુક્ત બનાવવા આપણે સૌએ યુધ્ધના ધોરણે કામે લાગવાની જરૂર છે. સુખી, સમૃધ્ધિ, તંદુરસ્ત અને આરોગ્યપ્રદ ભારત બનાવવા તમાકુ ઉત્પાદનોનો બહિષ્કાર કરો.

અબતક

# ગોંડલમાં તમાકુ મુક્ત ભારત માટે રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો



**અબતક,જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને તમાકુ મુકત બનાવવા સ્વપનોને સાકર કરવા દેશભરમાં લોકજાગૃતિ માટે સેમિનારનું આયોજન કરવા અપીલ કરેલ છે. જેના અનુસંધાનમાં તા.૩૧ ના રોજ સવારના ૯ કલાકે એશીયાટીક એન્જિનિયરિંગ કોલેજ જામવાડી નેશનલ હાઈ-વે ગોંડલ મુકામે જીવન બચાવવા માટે તમાકુ નિયંત્રણ કાયદાઓને મજબૂત વિષયે રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં કુ.એકતાબેન પુરોહિત મેનેજર પ્રોજેક્ટ્સ,કન્જ્યુમર વોઈસ, ન્યુ દિલ્હી, ભાવનાબેન રૈયાણી પ્રમુખ,ગોંડલ નગરપાલિકા, ગોપાલભાઈ ભુવા ચેરમેન એશીયાટીક કોલેજ, જીતુભાઈ આચાર્ય પ્રમુખ,બ્રમ્હ સમાજ, પ્રફુલભાઈ ટોળિયા ડિરેક્ટર એ.પી.એમ.સી માર્કેટિંગ યાર્ડ ગોંડલ, ખુશ્બુબેન ભુવા પૂર્વ પ્રમુખ નગરપાલિકા ગોંડલ,રામજીભાઈ માવાણી પૂર્વ સાંસદ વગેરે મહાનુભાવો એ ખાસ ઉપસ્થિત રહી તમાકુ નીપેધ માટે વિશેષ માર્ગદર્શન આપેલ.



આ કાર્યક્રમમાં સૌરાસ્ટ્ર ભરની વિવિધ સામાજીક અને સેવાકીય સંસ્થાઓ જોડાયેલ. આ કાર્યક્રમમાં ભારતને તમાકુ મુક્ત બનાવવા માટે તમાકુ નિષેધના પ્રવર્તમાન કાયદાનો મજબૂતીકરણ કરી કેપ્ટા કાયદો અમલમાં લાવવા માટે ઉપસ્થીત આગેવાનો ગોપાલભાઈ ભુવા, પ્રફુલભાઈ ટોળિયા, તથા એશીયાટીક કોલેજના પ્રોફેસરો સહિત ૫૦૦ જેટલા યુવાનોએ કેન્દ્રીય આરોગ્ય અને પારિવાર કલ્યાણ મંત્રી મનસુખભાઈ માંડવયાને દિલ્હીથી પધારેલ તેના પ્રતિનિધિ મારફત મામલતદાર ગોંડલની રૂબરૂમાં આવેદનપત્ર સુપ્રત કરેલ.

આ સેમિનારની વ્યવસ્થા રમાબેન માવાણી માજી સાંસદ સભ્ય, દીપાલીબેન વિરડીયા ડિરેક્ટર એશીયાટીક એન્જિનિયરિંગ કોલેજ, તથા વાય.ડી.ગોહિલ નાયબ મામલતદારે સંભાળેલ હતી.

ી અગ્રણી
ૅરનો જન્મદિન



R.N.I. Regn. No. 15095/1968
Year : 54
Date: 26/05/2022

Unit of Kakkad & Kakkad
# રામબાણ ન્યુઝ
SINCE 1968

81 550 550 35
Follow us :

## વડાપ્રધાનશ્રીના "તમાકુ મુક્ત ભારત" મિશનને સફળ બનાવવા "વિશ્વ તમાકુ નિષેધ દિવસ" નિમિતે ગોંડલ મુકામે રાજ્યકક્ષાનો સેમીનાર

દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને તમાકુ મુકત બનાવવાના સ્વપનને સાકાર કરવા દેશભરમા લોક જાગૃત્તિ માટે સેમીનારોનું આયોજન કરવા અપીલ કરેલ છે. જેના અનુસંધાનમા આગામી તા.૩૧/૦૫/૨૦૨૨ ના સવારના ૦૯:૦૦ કલાકે "એશીયાટીક એન્જીનીયરીંગ કોલેજ" જામવાડી નેશનલ હાઈવે,ગોંડલ મુકામે "જીવન બચાવવા માટે તમાકુ નિયંત્રણ કાયદાઓને મજબુત બનાવો" વિષયે રાજયકક્ષાના સેમીનારનું આયોજન કરવામા આવેલ છે.

આ સેમીનારમા શ્રી રમેશભાઈ ધડુક (સંસદ સભ્યશ્રી),શ્રીમતિ ગીતાબા જાડેજા (ધારાસભ્યશ્રી), શ્રી એન. એમ. ધારાણી (ન્યાયમૂર્તિશ્રી), કું. એકતાબેન પુરોહિત (મેનેજર પ્રોજેકટસ, કન્ઝયુમર વોઈસ,ન્યુ દિલ્હી), શ્રીમતિ ભાવનાબેન રૈયાણી (પ્રમુખશ્રી,ગોંડલ નગરપાલીકા),શ્રી અલ્પેશભાઈ ઢોલરીયા (પ્રમુખશ્રી,માર્કેટીંગ યાર્ડ),શ્રી એ. ડી. જોષી (પ્રાંત અધિકારીશ્રી),શ્રી કે. પી. નકુમ (મામલતદારશ્રી),શ્રી અશોકભાઈ પીપળીયા (ચેરમેનશ્રી,નાગરીક બેંક),શ્રી ડો. ઘનશ્યામભાઈ વૈદ (ભુવનેશ્વરી પીઠ),શ્રી જીતુભાઈ આચાર્ય (પ્રમુખશ્રી,પત્રકાર સંઘ),શ્રી વી. કે. ગુપ્તા (ડાયરેકટરશ્રી,કેન્સર હોસ્પીટલ) વિગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થીત રહી માર્ગદર્શન આપનાર છે. તેમજ માતબર શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ, ડોકટરો, સમાજ સેવી સંસ્થાઓના પ્રતિનિધીઓ તથા બુધ્ધીજીવીઓ ઉપસ્થીત રહી માર્ગદર્શના આપનાર છે. આ કાર્યક્રમનું ઈલેકટ્રોનીક મીડીયા ઉપર લાઈવ પ્રસારણ થનાર છે. આ કાર્યક્રમમા જોડાવા માંગતી સંસ્થાઓ આવકાર્ય છે.

આ સેમીનારની વ્યવસ્થા શ્રીમતિ રમાબેન માવાણી (માજી સંસદ સભ્ય) તથા શ્રી ગોપાલભાઈ ભુવા (ચેરમેનશ્રી,એશીયાટીક એન્જીનીયરીંગ કોલેજ,ગોંડલ) મોબાઈલ નં.૯૯૨૫૦ ૭૯૧૪૬ એ સંભાળેલ છે.